Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 132, February, 2024
Paper ID: RRJ920611
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-132-february-2024/RRJ920611

# ફાધર વાલેસના જીવન-વિષયક લેખોનું વિહંગાવલોકન

**સંશોધક**

**ડૉ.ક્રિશ્નાબેન કાંતિભાઈ શાંડપા**

**ASSI.PROFESSOR**

**D.N.P ARTS & COMMERCE COLLEGE, DEESA**

સવાઈ ગુજરાતી એવા ફાધર વાલેસનું પૂરું નામ વાલેસ કાર્લોસ જોસેફ છે. માતા મારિયા અને પિતા જોસેફ. ૪ નવેમ્બર ૧૯૨૫માં સ્પેનના લોગ્રોમાં જન્મેલ ફાધર વાલેસ એક ઉત્તમ ગુજરાતી ભાષાના જાણકાર અને સાહિત્ય, સંસ્કાર ને ધર્મચિંતન કરનાર વ્યક્તિ છે. ‘સદાચાર’ એમનું પ્રથમ પુસ્તક છે. એ પછી ‘કુમાર’માં એમણે વ્યક્તિઘડતરના અનેક લેખો લખ્યા. ફાધર વાલેસ પાસેથી ‘સદાચાર’, ‘તરુણાશ્રમ’, ‘ગાંધીજી અને નવી પેઢી’, ‘ભાષા જાય ત્યાં સંસ્કૃતિ જાય’, ‘વ્યક્તિમંગલ’, ‘કુટુંબમંગલ’, ‘જીવનમંગલ’, ‘સમાજમંગલ’, અને ‘પ્રસાન્તાની પાંખડીઓ’ વગેરે શ્રેણીબંધ પુસ્તકો આપણને મળે છે.

**‘ફાધર વાલેસ લેખસંચય - જીવન’** પુસ્તકમાં જીવન વિશે કુલ 92 લેખો આપણને મળે છે. જેમાં ‘ઊંટની ચાલ’, ‘દિલ ખુલ્લું મુકતા’, ‘ફાવતું નથી!’, ‘કેટલું વાંચો છો?’, ‘ કિલ્લાનો કોટ’, ‘શત્રુ કે મિત્ર’, ‘ખંડિત ગીત’, ‘જીવન-શિક્ષક’, ‘સ્વાતંત્ર્યનું મૂલ્ય’, ‘ઉત્તર તરફ પ્રયાણ(ઉત્તરાયણ)’, ‘ઋતુરાજની વધામણી(વસંતપંચમી), ‘નવું ગણિત’, ‘ઊંચ કે નીચ?’, ‘દિલની વૃત્તિ’, ‘રામબાણ ઈલાજ’, ‘કુવાનું પાણી’, ‘આજનો રૂપિયો’, ‘મારી જવાબદારી’, ‘ગરબા મહોત્સવ’, ‘મારામારી’, ‘કંજૂસ’, ‘યુવાનોની સાથે દાયકાથી વધુ’, ‘ગણિતશાસ્ત્ર અને જીવનમૂલ્યો’, ‘કોમ્પ્યુટરનો ઉપકાર’, ‘બેસવું’, ‘મોજડીઓ’, ‘ દૃષ્ટિ’, ‘ટેક્સી-ડ્રાઇવર’, ‘શક્ય’, ‘ગોખલું’, ‘હે ભગવાન શનિ રવિ માટે આભાર!’ ‘બીજી વખત મારે ઘેર આવશો ત્યારે’, ‘ખેતી’, અને ‘અંત’ એમ અનેક જીવન-વિષયક લેખો આપણને સર્જક પાસેથી મળે છે.

**‘ઊંટની ચાલ’**- લેખમાં ફાધર વાલેસ કહે છે: ‘’રણની મુસાફરી માટે (ટાગોરનો ઉપદેશ છે) વાહન ઊંટ હોય છે. તે ખડતલ છે, ખંતીલો છે, સંયોમી છે. તેને ખાવાનું ન આપો તોય ચાલશે, પાણી ન આપો તોય ચાલશે, દિશા ન બતાવો તોય ચાલશે, મૂંગો મૂંગો ચાલશે, સીધે સીધો ચાલશે, જેટલું કાલે તેટલું આજે ચાલશે અને જેટલું આજે તેટલું આવતીકાલે ને પરમ દિવસે ચાલશે અને રણ સાગરને પેલે પાર તમને સહી સલામત પહોંચાડી દેશે. ઘોડો લેશો તો શરૂઆતમાં એ તમને પવન વેગે લઈ જશે પણ રેતીના સ્પર્શીથી એ અકળાઈ જશે, ઝાંઝવાના ભ્રમથી ભરમાઈ જશે, અને ધગધગતી રેતી પર ઢગલો થઈને મરી જશે - તમને રણને શરણે મૂકીને. જીવનનો માર્ગ પણ કોઈ ધોરીમાર્ગ નથી, રણ જેવો છે, મરુભૂમિનો પ્રદેશ છે, અનંત વગડો છે. એમાં આગળ નીકળી જવા માટે ઊંટ જ જોઈએ. એકધારી ચાલ. નિષ્ઠાનો ચમત્કાર. ટકી રહેવાની શક્તિ. રોજ રોજ થોડું ને થોડું

આગળ ચાલવાનો નિશ્ચય. રણમાં જે ઉભો રહે તે મરે, જે આગળ ચાલે તે જ જીતે. આપણી આસપાસ દોડાદોડ ઘણી જોઈએ છીએ અને તેની તેથી રણના વિસ્તારમાં પણ ઘણાની નિષ્ફળતાના કરુણ અવશેષો પણ પથરાયેલા જોઈએ છીએ. શરૂઆતમાં દોડયા, બ્રહ્માંડની સીમાઓ સુધી જવાની આકાંક્ષા સાથે ઉપડ્યા. પણ ઘરને આંગણે જ ઢગલો થઈને પડ્યા. જેનામાં ટકી રહેવાની તાકાત ન હોય તે યાત્રાએ ઉપાડવાનું માંડી વાળે. એમાં ડાહપણ છે સલામતી છે. હા, અને જીવનમાં હારી ગયાની કબુલાત પણ છે.('ફાધર વાલેસ લેખસંચય-જીવન' પૃ.નં ૩-૪) કુદરતનો નિયમ છે કે તેની પ્રક્રિયાઓ ધીરે ધીરે ચાલે, પગલે પગલે આગળ વધે. આમ જીવનમાં હંમેશા આગળ વધતું રહેવું જોઈએ, ચાલતા રહેવું જોઈએ. કોઈપણ સમયે યોગ્ય નિર્ણય એ જ જીવનની સાર્થકતાનું મૂલ્ય છે. આમ 'ઊંટની ચાલ' શીર્ષક દ્વારા ફાધર વાલેસ આપણને જીવનનો ઉત્તમ બોધ આપી જાય છે.

**'દિલ ખુલ્લું મુકતાં'**- બીજા ક્રમે સ્થાન પામેલ આ લેખમાં ફાધર વાલેસે વિનુ નામના વિદ્યાર્થી સાથે કરેલ સંવાદ મૂકી આપ્યો છે. વિદ્યાર્થી ફાધર વાલેસ પાસે પોતાના જીવનના પ્રશ્નોની માયાજાળ ખુલ્લા દિલે વીનુ મૂકી આપે છે. ત્યારે ફાધર વાલેસ તેને ખુલ્લા દિલે સમજાવે છે. જ્યારે વિદ્યાર્થી ઓફિસમાંથી બહાર નીકળે છે ત્યારે આંખોમાં નવું તેજ હતું. ગડગડા સ્વરે આભાર માનીને એ ગયો ત્યારે ફાધર વાલેસ તેને ક્યાંય સુધી જોતા રહ્યા અને અંતે પોતાની જાતને કહે છે "મારું જીવન આજે સાર્થક લાગ્યું." આમ એક ઉત્તમ શિક્ષકની ભૂમિકા ભજવનાર ફાધર વાલેસનો વિદ્યાર્થીઓ સાથે અનેરો સંબંધ જોવા મળે છે.

**'ફાવતું નથી'** લેખમાં ફાધર વાલેસ જીવનમાં ફાવતું નથી એ શબ્દ ન હોવો જોઈએ એવું સમજાવતા કહે છે ''ભણવા જતા યુવાનને ગામ છોડવું ન ગમે, પરણવા જતી યુવતીને ઘર છોડવું ન ગમે પણ જો ફક્ત એ લાગણીને વશ થઈને એ છોકરો અને છોકરી પોતપોતાના ઘરે રહે તો ભણશે કોણ અને પરણશે કોણ? અને શરૂઆતમાં કોઈપણ નવું કામ હાથ પર લેતા મુંજવણ થાય, ક્ષોભ થાય, શંકા ઉઠે પહેલો પાઠ હંમેશા અઘરો હોઈ છે. પહેલું પગલું ભારે લાગે છે શરૂઆતમાં ફાવતું જ નથી. પણ એમાં જ જીવનની કસોટી છે. પહેલા પહેલું પગલું સીધું ન પડ્યું તો બીજું ભરવાનું. પહેલો પાઠ ન આવડ્યો તો બીજો કરવાનો. કેમ એ કરીને આગળ જવાનું વધતા રહેવાનું, લડતા રહેવાનું અને ફાવટ આવશે. માનવીની ખાસિયત છે કે જ્યાં પ્રતિકૂળ સંજોગો હોય, જ્યાં રસ્તો ન હોય ત્યાં જવાની શક્યતા પણ ન હોય ત્યાં જઈને એ રસ્તો કાઢે, પગ મૂકે, ધામો નાખે, પૃથ્વીમાંથી જેટલા ધ્રુવ પ્રદેશમાં જીવનનું નામ નિશાન નહીં જ્યાં જુઓ ત્યાં બરફને બરફ પણ એ બરફની વચ્ચે માનવીએ ચાર દીવાલો ઊભી કરીને છાપરું ઠોકયું અને સુખેથી ત્યાં વાસ કર્યો. ધગધગતા રણવગડામાં પણ ન ઉગે છોડવો કે ન ફરે જીવડો પણ એ તરત રેતીની મધ્ય પણ માનવી પોતાનો તંબુ તાણીને આનંદથી જીવતા શીખ્યો. રણના ઊંટને બરફના પ્રદેશમાં લઈ જશો તો તેને ખરેખર ત્યાં ફાવશે નહીં અને જલ્દી ઠરી જશે અને હિમાલયના રીંછને સહરાના રણમાં લઈ જશો તો એને પણ ત્યાં ફાવશે નહીં અને

સોસાઈને મરી જશે. રીંછને અને ઊંટ અને ફાવતું નથી કહેવાનો અધિકાર છે. કારણ કે કુદરતે એક જ પ્રદેશમાં ઠંડા કે ગરમ રહેવા દરેકની સજાવટ કરે .પણ માનવી યુક્તિ કરીને અને બુધ્ધિ ચલાવીને (એટલા માટે જ એ માનવી છે ને!) ગમે તે પ્રતિકૂળ સંજોગો કે વાતાવરણમાં રહેવા પોતાનું શરીર( ને પોતાનું મન અને હૃદય) તૈયાર કરી શકે છે. તે જીવનના રણમાં પણ દિવસો સુધી પાણી વિના ચાલતા રહેવા ધીરજ કેળવી શકે. અને બરફની કરાડમાં થઈ ને આદર્શના ઉચ્ચતમ શિખરો સર કરી શકે. કુદરતે એને શક્તિ આપી છે. જીવનમાં કંઈક કરવાની તમન્ના આપી છે. માટે 'ફાવતું નથી' એ કુત્સિત ઉદગાર માનવીની જીભે ન શોભે, ન પાલવે, ન ચલાવી લેવાય. ('ફાધર વાલેસ લેખસંચય-જીવન' પૃ.નં ૧૩) આમ ઉત્તમ જીવનનો બોધ આપનાર ફાધર વાલેસ 'ફાવતું નથી' શબ્દ માનવ માટે યોગ્ય નથી એમ જણાવે છે.

**'કિલ્લાનો કોટ'** શીર્ષક હેઠળ ફાધર વાલેસે આત્માના કોટની અને આત્માનિરીક્ષણની વાત કરી છે. જીવનને મનથી પવિત્ર કરવાની વાત કરવામાં આવી છે. **'શત્રુ કે મિત્ર'**- વિષયક લેખમાં સર્જકે કોઈ વ્યક્તિ અનુસંધાને વાત કરી નથી. મનુષ્યનો સાચો શત્રુ કે મિત્ર કોણ? એટલે કે પ્રથમ મિત્ર આપણું શરીરસુખ અને શરીર સ્વાસ્થ્ય વિશે વાત કરેલી છે. ફાધર વાલેસ કહે છે કે "દેહ એ આત્માનો નિવાસ, ચૈતન્યનું ધામ, ભગવાનનું મંદિર છે. એ તેની ખરી પ્રતિષ્ઠા છે. દેહ એ સ્થૂળ સુખનું સાધન નથી, વાસનાનો પિંડ નથી, માયાની ઝાડ નથી. દેહ એટલે ભગવાનને છાજે એવું ચેતનરૂપ તીર્થધામ. મંદિર છે પણ તે આખરે તો પથ્થરચૂનાનું છે; માટે જૂનું થવાનું તે ને તૂટી પડવાનું. પણ મંદિર છે એટલે એના ગર્ભદ્વારમાં અંતર્યામીની ગાદી છે ને તેની મંગલમૂર્તિ આગળ માનવચેતનાનો અખંડ દીવો બળે છે મંદિરમાં પ્રવેશ કરતા આપણે જોડા ઉતારીએ છીએ કારણ કે મંદિરની ભૂમિ પુણ્યભૂમિ છે. ભગવાનના સાનિધ્યમાં પવિત્ર પગલે જ જઈ શકાય. તમારો દેહ પણ એવું પુણ્યક્ષેત્ર છે; તમારા અંગેઅંગમાં એ દિવ્ય પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. માટે પવિત્ર પગલે એની પાસે જાઓ. એનો સ્પર્શ કરો ત્યારે ખ્યાલ રાખો કે એની અંદર ખુદ ભગવાન એ સ્પર્શનું સ્પંદન જીલી રહ્યો છે. એની તરફ નજર કરો ત્યારે યાદ રાખો કે પડદાની પાછળ એ જ ભગવાન તમારી તરફ પ્રેમથી મિટ માંડીને બેઠો છે. આદર્શ ભાવભક્તિ ભાવ પૂજ્ય ભાવ એ જ આખરે દેહ પ્રત્યેનું સાચું વલણ કર્યું ને તે એના ખાતર નહીં પણ એની અંદર બિરાજેલા ધણીને ખાતર અને તે વળી એને પંપાળવા માટે નહીં પણ એને તેના દિવ્ય મહેમાનને છાજે એવો અને શુદ્ધ બનાવવા અને રાખવા માટે દેહધર્મ તે અતિથિધ ધર્મ. ('ફાધર વાલેસ લેખસંચય-જીવન' પૃ.નં ૨૬-૨૭)

**'ખંડિત ગીત'**- લેખમાં ફાધર વાલેસે જીવનના લક્ષરૂપી ગીતની વાત કરેલ છે. 'જીવન શિક્ષક'- લેખમાં ફાધર વાલેસે જીવન ને મૃત્યુ વાત કરી છે. કાકા સાહેબની વાતને નોધતા કહે છે : "ભગવાને મૃત્યુને દુઃખમય બનાવ્યું છે ખરું, પરંતુ ભયાનક નથી બનાવ્યું. ભયાનક તો તેને મનુષ્ય બનાવ્યું છે."('ફાધર વાલેસ લેખસંચય-જીવન' પૃ.નં ૩૧) મૃત્યુમાં વિદાય છે એટલે એમાં દુઃખ છે પણ

કન્યા પારકે ઘેર જવા ઉપડે એ પણ વિદાય છે, તોપણ એ પ્રસંગ મંગળ કહેવાય. તો આત્મા જ્યારે મોટા ઘરે જવા વિદાય લે ત્યારે એ પ્રસંગ શું ઓછો મંગળ હશે? મોતની એ કાયમી તૈયારીમાં જ જીવનની સાધના છે. અતિથિનું સ્વાગત, યમરાજનું સન્માન, મોતનો સ્વીકાર, અને જીવનની સાર્થકતા જ મૃત્યુમાં છે.

**'ઉત્તર તરફ પ્રયાણ – ઉત્તરાયણ'** લેખમાં ફાધર વાલેસ જ કહે છે; "એ પતંગ ને એ દોરનો એ સૂક્ષ્મજીવન- પ્રતીકનો, એ ઉત્તરાયણની બોધક ભેટનો. એ ઝીણો પતંગ, એ તુચ્છ કાગળનો કકડો, એ બે પૈસાની બનાવટ આટલે ઊંચે કેમ ચડી શકે છે? અને એ ગૂંચવાળી દોરી, એ ઝીણી નબળી પાતળી દોરી આટલી સીધી ને લાંબી કેમ બની શકે છે? બંનેના સહકારથી. પતંગમાં ઉડવાની શક્તિ છે, દોરમાં દોરવાની આવડત છે. પતંગનું ઉડયન ને દોરાનું સંચાલન ભેગા થાય એટલે બંનેનું કલ્યાણ થાય. પતંગ એટલે આદર્શ ને દોરો એટલે સંયમ, પતંગ એટલે ભાવના ને દોર એટલે મનોબળ, પતંગ એટલે આશા અને દોર એટલે સાધના. જીવનધ્યેય ઊંચું જોઈએ, ઉમદા જોઈએ, સર્વોપરી જોઈએ. અને તેની પાછળ સાધના લાંબી જોઈએ, સ્થિર જોઈએ અખંડ જોઈએ. બંનેનો મેળ હોય તો જ તમારો જીવન પતંગ ઉંચે ચડશે અને પવન? પવન વિના તો ઉત્તમ પતંગ પણ જમીન પર પડ્યો રહેશે અને તેનો દોર ફીરકીની આસપાસ નકામો વીંટળાયેલો રહેશે. જીવનમાં પણ ભગવાનના આશીર્વાદ વિના માણસના સ્વપ્નના ભોંય પર જ રહેશે. પણ એ કૃપાનની લહેરીઓ, એ દયાનો મલયાનીલ તો સતત વાતો રહે છે, અને તેના ઉપર સવાર થઈને તમારો પતંગ જોતજોતામાં ગગનને ભેટવા થઈ શકશે. .('ફાધર વાલેસ લેખસંચય-જીવન' પૃ.નં ૪૪-૪૫) આમ ઉંચા આદર્શો સતત પુરુષાર્થને ઈશ્વરની કૃપાનો સંગમ થાય ત્યારે જીવન સાધના આસમાને ચડી જાય. ઉત્તર તરફ પ્રયાણ કરો અને ઉત્તરાયણનું આ પર્વ ખરું જીવન પર્વ બની રહે એવો બોધ આપી જાય છે.

**'ઋતુરાજની વધામણી-વસંતપંચમી'** પ્રસ્તુત લેખમાં વસંતને યુવાની સાથે સરખાવતા ફાધર વાલેસ કહે છે વસંત નું બીજું લક્ષણ વસંત ઉદાર છે, ફૂલો આપે છે ને હજારો આપે, બીજ આપે તે કરોડો આપે કેટલાક ખોવાઈ જશે એની ચિંતા નહીં કેટલા કરમાઈ જશે એની પરવા નહીં આપે તે છૂટે હાથે આપે ગણ્યા વગર આપે ઉધાર દિલથી આપે યુવાની પણ ઉધાર છે દાનશીલ છે બલિદાન ગરમી છે તે કરકસર કરતા હજુ શીખી નથી ને કંજૂસાઈ કરવી એના સ્વભાવમાં જ નથી તે આપે ત્યારે આખું આપે પૂરું આપે ગણ્યા વગર આપે તોડ્યા વગર આપે આપવામાં જ ધન્યતા છે વસંતની જેમ કુદરતનું દાન કરવામાં જીવનની સાર્થકતા છે એ લક્ષણ જો યુવાન માણસ પોતાના દિલમાં ઓળખે કેળવે વિકસાવે તો એની યુવાની ખરેખર મંગળ થશે, અને મૂંઝવણમાં નાખનારા બીજા લક્ષણ અપલક્ષણની ભૂલભૂલામણીમાંથી એ વિજયવંત નીકળી શકાશે. ઉદારતા, વિશાળતા, પ્રેમ કરવામાં, વિશ્વાસ કરવામાં, સેવા કરવામાં- એ યુવાનીનો સંસ્કાર છે. એ જીવનનો ધર્મ છે. એ વસંતઋતુમાં

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 132, February, 2024
Paper ID: RRJ920611
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-132-february-2024/RRJ920611

કુદરતનો પરચો છે. ઋતુરાજની વધામણી ખાઈને તેનો એ મંગળ સંદેશ ફૂલો ને પક્ષીઓને લહેરીઓને ઝરણીઓની પાસે શીખીએ અને જીવનમાં જીવતા રહીએ.

**'તિતિક્ષા'**માં ધીરજ અને સહનશીલતાની વાત કરવામાં આવેલ છે. જ્યારે **'દૂધ'** શીર્ષક હેઠળ સામાન્ય વાર્તાલાપ કરેલ જોવા મળે છે. **'સતયુગ'** નામના લેખમાં - સત્ય એ જ વર્તમાન કહી સર્જકે વર્તમાનમાં જ જીવન જીવી લેવું અને કાર્ય અને લક્ષ ને પાર પાડી લેવા એવું સમજાવે છે. **'જીવનની પાસેથી પૂરું વળતર લેવાની રીત'**માં સર્જકે એક સમયે એક જ કાર્ય પર ધ્યાન આપવાથી સફળતા પ્રાપ્ત થાય છે. એક સમયે એક થી વધારે કાર્ય કરવા જતાં કાર્યમાં અચોક્કસાઈ અને નિષ્ફળતા પ્રાપ્ત થાય છે એવો બોધ આપે છે.

ઉત્તમ સર્જન કરનાર ફાધર વાલેસને કુમારચંદ્રક પુરસ્કાર ૧૯૬૬માં, રણજીતરામ પુરસ્કાર ૧૯૯૮માં અને કાકા કાલેલકર પુરસ્કાર ૧૯૯૫માં આપી નાવાજવામાં આવ્યા હતા. આમ ફાધર વાલેસના જીવન-ચિંતન વિષયક લેખોમાં માણસના જીવનને હૃદયના ઉત્કૃષ્ટ ભાવથી સાર્થક કરવાની ભાવના રહેલી જોવા મળે છે .

## સંદર્ભસૂચી

- ફાધર વાલેસ લેખસંચય- જીવન, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ – ૩૮૦૦૦૧, પ્રથમ સંકલિત આવૃત્તિ – ૧૯૯૯
- ફાધર વાલેસ લેખસંચય- કુટુંબ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ – ૩૮૦૦૦૧
- ફાધર વાલેસ લેખસંચય- સમાજ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ – ૩૮૦૦૦૧
- ફાધર વાલેસ લેખસંચય- ધર્મ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ – ૩૮૦૦૦૧